- **શબ્દકોશ એટલે શું?**

➢ શબ્દકોશ એટલે જેમાં શબ્દનો સંગ્રહ હોય તેવો ગ્રંથ.

➢ ગુજરાતી ભાષાનો સૌપ્રથમ શબ્દકોશ “નર્મકોશ” છે. જે સુધારક યુગના પ્રણેતા નર્મદે ઈ.સ. ૧૮૭૩માં બહાર પડ્યો હતો.

➢ ગોંડલના મહારાજા ભગવતસિંહજીની દીર્ઘ દ્રષ્ટિ અને ભાષા પ્રેમને લીધે ઈ.સ. ૧૯૨૮ થી ૧૯૫૪ સુધીના ૨૬વર્ષની મહેનત પછી “ભગવદગોમંડલ” નામે નવ ભાગમાં શબ્દકોશ પ્રકટ કરવામાં આવ્યો જેમાં ૨,૮૧,૩૭૭ શબ્દો, ૫,૪૦,૨૦૨ અર્થો, ૨૮,૦૦૦ રૂઢીપ્રયોગો છે.

➢ ઈ.સ. ૧૯૨૯માં મહાત્મા ગાંધીના પ્રેરણાથી ગુજરાતી શબ્દકોશ તૈયાર કરવામાં આવ્યો જેને ઈ.સ. ૧૯૩૧માં અર્થ સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યો જે “સાર્થજોડણીકોશ” તરીકે ઓળખાય છે.

➢ ઈ.સ. ૧૯૪૦માં મુંબઈ સરકારે એવો હુકમ બહાર પડ્યો કે સાર્થજોડણીકોશની જોડણીને અનુસરે એવા જ પુસ્તકોને માન્ય પુસ્તકોની યાદીમાં સ્થાન આપવું.

➢ સાર્થ જોડણીકોશ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## નિયમો

1. શબ્દકોશમાં સૌપ્રથમ સ્વરથી શરૂ થતા શબ્દો આવે અને ત્યાર પછી વ્યંજનથી શરૂ થતા શબ્દો આવે.

2. શબ્દનો પ્રથમ અક્ષર જયારે સમાન હોય ત્યારે બીજા અક્ષરને આધારે અને બીજો અક્ષર સમાન હોય ત્યારે ત્રીજા અક્ષરને આધારે એ જ રીતે આગળ પ્રમાણે શબ્દ ક્રમ નક્કી થાય છે.

3. શબ્દકોશમાં ખોડા(અર્ધ) અક્ષર વાળા શબ્દો હમેશા છેલ્લે આવે છે.

   દા.ત. : (૧) કૌંસ, ક્યારો (૨) સૌરભ, સ્પષ્ટતા

4. વ્યંજનનો ક્રમ ગોઠવતી વખતે ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર આ ચાર જોડાક્ષરના ક્રમ બરાબર જાળવવા.

5. કોઈ પણ અક્ષરના આડી રેખામાં ત્રણ ક્રમ હોય છે.

દા.ત. : અ – અં – અઃ

| સ્વરક્રમ | વ્યંજનક્રમ |
|---|---|
| અ – અં - અઃ<br>આ - આં - આઃ<br>ઇ – ઇં - ઇઃ<br>ઈ - ઈં - ઈઃ<br>ઉ – ઉં - ઉઃ<br>ઊ - ઊં - ઊઃ | ક **ક્ષ** ખ ગ ઘ ચ છ જ **જ્ઞ** ઝ ટ ઠ<br>ડ ઢ ણ ત **ત્ર** થ દ ધ ન પ ફ બ<br>ભ મ ય ર લ વ શ **શ્ર** ષ સ હ ળ |
| ઋ – ઋં - ઋઃ<br>એ - એં - એઃ<br>ઐ – ઐં - ઐઃ<br>ઓ - ઓં - ઓઃ<br>ઔ – ઔં - ઔઃ | ક, કં, કઃ, કા, કાં, કાઃ, કિ, કિં, કિઃ, કુ, કું, કુઃ, કૂ, કૂં, કૂઃ, કૃ, કૃં, કૃઃ, કે, કેં, કેઃ, કો, કોં, કોઃ, કૌ, કૌં, કૌઃ, ક્ર, ક્લ, ક્વ, ક્ષ, ........... |

➢ ઉદાહરણ :

○ શુભ, અશોક, મલમ, ઋષિ, અંબર, મંદાર, મ્યાન

ક્રમ : ૭ ૧ ૪ ૩ ૨ ૫ ૬

➢ અશોક, અંબર, ઋષિ, મલમ, મંદાર, મ્યાન, શુભ

○ મુશ્કેલી, ખંત, ઉદ્યમ, વ્યાજ, સરસ, શ્રવણ

ક્રમ : ૩ ૨ ૧ ૪ ૫ ૬

➢ ઉદ્યમ, ખંત, મુશ્કેલી, વ્યાજ, સરસ, શ્રવણ

○ મરામત, અનામત, મોક્ષ, મીરાં, મહેમાન, મદદ

ક્રમ : ........ ........ ........ ........ ........ ........

➢ ...............................................................................

○ દેખાવ, દ્વેષ, દુરુપયોગ, દુર્ગતિ, દુઃખ

ક્રમ : ........ ........ ........ ........ ........

➢ ...............................................................................

○ ધન્ય, ઘડો, ધ્રાસકો, ધ્વજ, ધનવંતરી, ધજા

ક્રમ : ........ ........ ........ ........ ........ ........

➢ ...............................................................................

○ બ્રેક, બૃહદ, બહાર, બોકડો, બંદર, બ્લોક

ક્રમ : ........ ........ ........ ........ ........ ........

➢ ...............................................................................

○ પંખો, પસાર, પીઠી, પ્રતાપ, પૌરુષ, પંપ

ક્રમ : ........ ........ ........ ........ ........ ........

➢ ...............................................................................